For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઇન્દોર અને ગાંધીનગર બાદ પાણીજન્ય રોગચાળા મુદ્દે સુરતમાં પણ ખતરાની ઘંટી

# પાણીના 3% નમૂના ફેઈલ, 51%માં મળમૂત્ર

**એક** જ વર્ષમાં મનપા દ્વારા પાણીના કુલ 1,29,63 નમૂના લેવાયા, તેમાંથી 4659 નમૂના ફેઈલ થયા

સુરતઃ ઈન્દૌર અને ગાંધીનગરની જેમ સુરતમાં પણ પાણીજન્ય રોગચાળો ગમે ત્યારે ફેલાય તેવી સંભાવના છે. કારણ કે 2025ના વર્ષમાં મનપા દ્વારા લેવાયેલા પાણીના કુલ નમુનાઓ પૈકી 3 ટકાથી વધુ નમુનાઓ ફેઈલ ગયા છે. ચિંતાની વાત એ છે કે, ફેઈલ ગયેલા નમુનાઓ પૈકી 51 ટકા નમુનાઓમાં એમોનિયાનું પ્રમાણ એટલે કે મળ-મુત્રની હાજરી જોવા મળી છે. જે રોગચાળો ફાટી નિકળવાનું મુખ્ય કારણ હોય છે. ફેઈલ થયેલા સેમ્પલની ટકાવારી ભલે નાની છે પરંતુ આટલી નાની ટકાવારી પણ મોટી હોનારત સર્જી શકે છે.

શહેરમાં વોટર સપ્લાઈ અને ગુણવતાની સ્થિતિ ચકાસવા માટે મનપા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં પાણી વિતરણ વખતે રેન્ડમલી સેમ્પલ લેવામાં આવે છે. વર્ષ 2025માં કુલ 1, 29, 630 નમુના જુદા જુદા

...અનુસંધાન પાના 5 પર

**ચાર ઝોનમાં સ્થિતિ ચિંતાજનક**

- સેન્ટ્રલ ઝોન (કોટ વિસ્તાર) : 50 વર્ષથી વધુ જૂની પાઇપલાઇનો અને ગીચ વસ્તી.
- કતારગામ ઝોન: લાઇન લીકેજ અને જૂના નેટવર્કમાં ગટરના પાણીનું મિશ્રણ.
- લિંબાયત અને ઉધનાઃ છેવાડાના વિસ્તારોમાં લો-પ્રેશર અને ક્લોરિનેશનનો અભાવ. ડાઇગ મિલોના કેમિકલયુક્ત ગંદુ પાણી લાઈનમાં ભળી જવું
- સેન્ટ્રલ ઝોન અને લિંબાયત ઝોનમાં દૂષિત પાણીની ફરિયાદોનું પ્રમાણ અન્ય ઝોન કરતા 20% થી 30% વધુ નોંધાયું છે.)

- 2025 કુલ લેવાયેલા નમૂનાઃ 1,29,634
- ફેઇલ થયેલા નમૂનાઃ 4,659 (સરેરાશ 3.06%)
- ગંદા પાણીના કારણે ફેઇલઃ 2,374 (કુલ ફેઇલ થયેલા નમૂનાના 51%)
- અન્ય કારણો (ઓછું ક્લોરિનેશન વગેરે): 2,285
- પ્રતિ માસ સરેરાશ 10,500 ફેઇલ નમૂના સરેરાશ 225




ગાંધીનગર બાદ સુરતમાં પાણીના નમુના ફેઈલ થવાથી હોનારત સર્જાય તેવી ભીતિથી સરકાર એક્શનમાં

## પાણીજન્ય રોગચાળો અટકાવો પ્રિન્સિપલ સેક્રેટરીનો આદેશ

**પ્રિન્સિપલ** સેક્રેટરીએ વિડીયો કોન્ફરન્સ કરીને સુરત સહિત તમામ મનપા માટે માર્ગદર્શિકા જાહેર કરી

સુરતઃ ઇન્દોરમાં દૂષિત પાણી પીવાથી થયેલા મોત અને ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ટાઇફોઇડ ફાટી નીકળ્યાની ઘટનાએ રાજ્ય સરકારને સફાળી જાગૃત કરી છે. આ ગંભીર ઘટનાઓના પગલે આજે રાજ્યના પ્રિન્સિપલ સેક્રેટરીએ તમામ મહાનગરપાલિકાના હાઇડ્રોલિક વિભાગના વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મહત્ત્વની બેઠક યોજી હતી. બેઠકમાં પાણીજન્ય રોગચાળો ફાટી ન નીકળે તે માટે શું-શું પગલાં લેવાં તેની વિસ્તૃત ચર્ચા કરી સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન તમામ મહાનગરપાલિકાઓમાં દૂષિત પાણી અંગે મળતી ફરિયાદો, ફરિયાદોના મુખ્ય કારણો, લિકેજ, ગંદા નાળાના જોડાણ, ઓછું ક્લોરીનેશન, જૂની પાઇપલાઇન જેવી સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી. ખાસ કરીને કયા વિસ્તારોમાં દૂષિત પાણીની ફરિયાદો વધુ છે તેની સમીક્ષા કરી તાત્કાલિક અને કાયમી હલ લાવવાના નિર્દેશો અપાયા. પ્રિન્સિપલ સેક્રેટરીએ સ્પષ્ટ કર્યું કે ડીસીસ સરવે (જેમીની પોર્ટલ પર) ગંદા પાણીની ફરિયાદોનું સઘન મોનિટરિંગ ફરજિયાત બનાવવામાં આવે. જ્યાં-જ્યાં દૂષિત પાણીની

...અનુસંધાન પાના 5 પર

# ભરૂચમાં 'ધરોહર' વિવાદ: જામા મસ્જિદ કે સમડી વિહાર?

**સનાતન** ધર્મના સંતોએ મસ્જિદને જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ હોવાનો દાવો કર્યો

**રાષ્ટ્રીય** ધરોહરના સંરક્ષણ અને મૂળ સ્વરૂપની પુન:સ્થાપના માટે પુરાતત્ત્વ વિભાગ પાસે કડક કાર્યવાહીની માંગ

ભરૂચ: ભરૂચ શહેરના કેન્દ્રમાં સ્થિત ઐતિહાસિક જામા મસ્જિદ, જે પુરાતત્ત્વ વિભાગના અધિકાર ક્ષેત્રમાં આવે છે અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાય છે, તેના મૂળ સ્વરૂપ અને ઇતિહાસને લઈને તાજેતરમાં વિવાદ વધુ તીવ્ર બન્યો છે. કેટલાક સનાતન ધર્મના સંતો અને સમર્થકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ સ્થળ મૂળરૂપે 'સમડી વિહાર' નામનું જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ છે. આ મુદ્દે વિરોધ પ્રદર્શન અને અનિશ્ચિતકાલીન ઉપવાસની જાહેરાત કરવામાં આવી છે.

રોકડિયા હનુમાન મંદિર ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં સત કેવલ કેવલ સંપ્રદાયના અવિચલદસ મહારાજ, સ્વામી મુક્તેશ્વરાનંદજી, સ્વામી રાજરાજેશ્વરજી મહારાજ અને સ્વામી રાઘેન્દ્રદાસજી જેવા સંતોએ આ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. તેઓએ જણાવ્યું કે, આ રાષ્ટ્રીય ધરોહર પર લાંબા સમયથી નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને તેની ઐતિહાસિક ઓળખને બદલવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેઓની મુખ્ય માંગ છે કે પુરાતત્ત્વ વિભાગ દ્વારા કડક પગલાં લેવામાં આવે અને સ્થળને તેના કથિત મૂળ સ્વરૂપમાં પુન:સ્થાપિત કરવામાં આવે. બીજી તરફ આ વિવાદના પાર્શ્વભૂમિમાં ઐતિહાસિક તથ્યોને જોતાં ભરૂચ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ અનુસાર જામા મસ્જિદ 14મી સદીમાં બાંધવામાં આવી હતી અને તેમાં પ્રાચીન જૈન મંદિરનાં અવશેષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, તેને મસ્જિદની પરંપરાગત શૈલીમાં જ બાંધવામાં આવી હતી, જેમાં સ્થાનિક કારીગરોનું યોગદાન હતું. આર્કિટેક્ચરમાં 48 સ્તંભ, ત્રણ મિહરાબ અને ગુંબજોનો સમાવેશ છે, જેમાં કેટલાંક તત્ત્વો મંદિરોમાંથી લેવામાં આવ્યાં હતાં.

શ્રી ચક્રધર સ્વામી, જેઓ મહાનુભાવ પંથના સ્થાપક હતા, તેમનું જન્મસ્થળ ભરૂચમાં જ છે તેવો વિવિધ સ્રોતોમાં ઉલ્લેખ છે. જેમ કે, વિકિપીડિયા અને અન્ય ઐતિહાસિક દસ્તાવેજોમાં તેઓ ગુજરાતી બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા અને તેમના જન્મસ્થળને 'રાજમઠ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે, આ જન્મસ્થળ જામા મસ્જિદના સ્થળ પર જ છે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો ઉપલબ્ધ નથી. સમડી વિહાર વિશે વાત કરીએ તો, ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી સમડી વિહાર જૈન દેરાસર અસ્તિત્વમાં છે, જે એક પ્રાચીન જૈન મંદિર છે અને તેમાં 500 વર્ષ પહેલાંના હુમલા દરમિયાન મૂર્તિઓને અન્ય મંદિરોમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી તેવો જૈન હેરિટેજ સ્રોતોમાં ઉલ્લેખ છે.

આ વિવાદમાં આ સ્થળને જામા મસ્જિદ સાથે જોડવાના દાવાઓ ચર્ચામાં છે. 2025માં પણ આ મસ્જિદ અંગે તણાવના કિસ્સા નોંધાયા હતા, જેમાં મુસ્લિમ સમુદાયે વહીવટને અપીલ કરી

...અનુસંધાન પાના 5 પર

# મૃત માની લેવાયો હતો તે વડોદરાનો યુવક જીવતો નીકળ્યો

**પ્રતાપનગરનો** યુવક 2018માં ઘરેથી દૂધ લેવા નીકળ્યા બાદ ગુમ થયો હતો

**સીઆઇડી** ક્રાઇમના ઉપક્રમની મહિલા અને બાળમિત્રની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું



સુરત : વડોદરાના પ્રતાપનગર વિસ્તારના રહેવાસી અમોલ ચંદ્રકાંત ખિસ્તે એક ઉચ્ચ શિક્ષિત અને પ્રતિભાશાળી યુવાન છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી - ચાર ભાષાઓ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા અમોલે એમ.કોમ.


...અનુસંધાન પાના 5 પર

**આ રીતે સાડા સાત વર્ષે મળ્યો વડોદરાનો યુવાન**

પાત્ર 1: ઇશ્વર સંકલ્પ સંસ્થાના કાર્યકર તપન પ્રધાનને આ યુવાન ગુજરાતી હોવાથી તેમણે ગુજરાતના પિયુષભાઇ શાહને યુવાન વડોદરાનો હોવાની જાણકારી આપી - તપન પ્રધાન

પાત્ર 2: ગુજરાત મહિલા અને બાળમિત્રના કો-ઓર્ડિનેટર પિયુષ શાહે વડોદરાના સભ્યને પ્રતાપ નગર બ્રિજ નીચે મંદિરમાં રહેતી માસીનો સંબંધી ગુમ થયો છે કે કેમ તે શોધવા કહ્યું - પિયુષ શાહ

પાત્ર 3: મહિલા અને બાળમિત્રના સભ્ય ઉમેશ બલેસરે પ્રતાપનગર બ્રિજની નીચે આવેલા તમામ મંદિરોની તપાસ કરીને સાડાસાત વર્ષ પહેલા ગુમ થયેલા યુવાનના પરિવારને શોધી કાઢ્યો - ઉમેશ બેલસરે




દારૂબંધીના કડક કાયદા બાદ કેસ બમણા થઈ ગયા!

# દારૂબંધી કાગળ પર જ? સુરતમાં 10 વર્ષમાં 1.61 લાખ પીધેલા પકડાયા

**છેલ્લાં** 4 વર્ષમાં દારૂબંધીની વાસ્તવિકતા પર પોલીસ અને તંત્રની સામે ગંભીર સવાલ

**દરેક** તહેવારોમાં કે નવા વર્ષની આસપાસ ડ્રાઈવ શરૂ થાય છે, ચેકિંગ વધે છે અને થોડાક દિવસોમાં બધું થંભી જાય

સુરતઃ ગુજરાતમાં દારૂબંધી છે, આ વાત સરકારના દાવાઓ અને કાયદાની પુસ્તિકાઓમાં તો સ્પષ્ટ રીતે લખાયેલી છે, પરંતુ સુરત શહેરના છેલ્લા 10 વર્ષના સરકારી આંકડા આ દાવાને ખુલ્લેઆમ ખોટો સાબિત કરી રહ્યા છે. જોકે સરકારી હોસ્પિટલોમાં નોંધાયેલા આંકડાઓ મુજબ છેલ્લા

...અનુસંધાન પાના 5 પર

**છેલ્લાં 10 વર્ષમાં શહેરમાં પકડાયેલા પીધેલાઓની માહિતી**

| વર્ષ | નવી સિવિલ | સ્મીમેર |
|---|---|---|
| 2016 | 7160 | 7310 |
| 2017 | 3817 | 3230 |
| 2018 | 2612 | 6701 |
| 2019 | 4059 | 7683 |
| 2020 | 3919 | 6684 |
| 2021 | 5141 | 10155 |
| 2022 | 7509 | 10891 |
| 2023 | 11067 | 13500 |
| 2024 | 11760 | 13563 |
| 2025 | 11342 | 13387 |
| કુલ | 68386 | 93104 |

**રેન્જ-1 માં આવતા વિસ્તારોના સ્મીમેરમાં વધુ કેસ**

દર વર્ષે સ્મીમેર હોસ્પિટલમાં નવી સિવિલ કરતાં વધુ પીધેલા પકડાયા છે. સ્મીમેરમાં રેન્જ-1 નો વિસ્તાર આવેલો છે. જેમાં કતારગામ, વરાછા, અમરોલી, ડિંડોલી, કાપોદ્રા, સરથાણા સહિતના વિસ્તારો આવે છે. આ સ્પષ્ટ કરે છે કે સુરત અને આસપાસના વિસ્તારો દારૂનું હબ બની ગયા છે. કોરોનાના લોકડાઉનમાં પણ પીધેલા પકડાયા, જે બતાવે છે કે

...અનુસંધાન પાના 5 પર

**લોકડાઉનમાં પણ દારૂ-વ્યવસ્થાની સૌથી મોટી નિષ્ફળતા**

2020માં જ્યારે આખો દેશ લોકડાઉનમાં હતો, ત્યારે પણ સુરતમાં 10,603 પીધેલા પકડાયા. રસ્તા બંધ હતા, ધંધા બંધ હતા, પરંતુ દારૂનો ધંધો બંધ નહોતો. આ ઘટના એક જ વાત સાબિત

...અનુસંધાન પાના 5 પર

જય શાહની લાલભાઈ સ્ટેડિયમના હોદ્દેદારોને ખાતરી

# સ્ટેડિયમમાં તમામ સુવિધાઓ હશે તો ઈન્ટરનેશનલ મેચ મળશે

**મુંબઈથી** BCCIની ટીમ ઇન્સ્પેક્શન માટે મોકલીશ, એ જે સુધારા વધારા સૂચવે એવું કરશો તો મેચ મળશે

**લાલભાઈ** ક્રિકેટ સ્ટેડિયમનું ગ્રાઉન્ડ અને પિચ સારી છે, પ્રેક્ષકો માટે સુવિધા વધારો, ICC ચેરમેનનું સૂચન

સુરત : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન જય અમિત શાહે રવિવારે ગુજરાત ક્રિકેટ એસોસિએશન અંતર્ગત આવતા ધી સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન સંચાલિત લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમની મુલાકાત લીધી હતી. જય શાહની લાલભાઈ સ્ટેડિયમ



ખાતેની મુલાકાત વખતે ઉપપ્રમુખ અમિત ગજ્જર, સેક્રેટરી હિતેશ પટેલ (ભરથાણા) અને ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈએ તક ઝડપી લઈ સુરતને ઈન્ટરનેશનલ મેચ મળે એ માટે સીધી દખલગીરી કરવા માંગ કરી હતી.

આ અંગે ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈનો સંપર્ક કરતા તેમણે 'ગુજરાતમિત્ર'ને જણાવ્યું હતું કે, સ્ટેડિયમની સુવિધાઓમાં આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ મુજબ સુધારો કરશો તો સુરતને ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ મળે એવી દરમિયાનગીરી

...અનુસંધાન પાના 5 પર

# ગળાના ભાગે ચપ્પુ મારી ડિંડોલીના યુવકનો આપઘાત

**મિત્રો** સાથે થર્ટી ફર્સ્ટની પાર્ટી કરીને આવ્યા બાદ પગલું ભર્યું, પરિજનોએ હત્યાની શંકા વ્યક્ત કરી હતી

સુરતઃ ડિંડોલીમાં થર્ટી ફર્સ્ટની પાર્ટી કર્યા બાદ યુવકે ગળાના ભાગે ચપ્પુ મારીને આપઘાત કરી લીધો હતો. પરિવારે હત્યાની શંકા વ્યક્ત કરતા સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેથી રિપોર્ટ આવ્યા બાદ વધુ તપાસ ડીંડોલી પોલીસ કરશે.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની જીતેન રાજેશભાઈ શિવહરે (23 વર્ષ) હાલ ડીંડોલી ક્રિસ્ટલ હોમમાં પરિવાર સાથે રહેતો હતો, તે કાપડ માર્કેટમાં નોકરી કરતો હતો. મિત્રો સાથે થર્ટી ફર્સ્ટની પાર્ટી કર્યા બાદ જીતેન ઘરે આવીને સૂઈ ગયો હતો. બીજા દિવસે સવારે જીતેનના ગળા પર ચપ્પુના ઘા લાગ્યા હતા. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન રવિવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું.

...અનુસંધાન પાના 5 પર

# સાપ પકડતી વખતે ફાયર બ્રિગેડના માર્શલને ડંખ માર્યો

**કાપોદ્રાની** ડીજીવીસીએલ કચેરીમાં બપોરે સાપ નીકળ્યો હતો

સુરતઃ કાપોદ્રા ખાતે ડીજીવીસીએલ કંપનીમાં આજે બપોરે સાપ નીકળ્યો હતો. તેનો કોલ મળતા કાપોદ્રા ફાયર બ્રિગેડની ટીમ તુરંત રેસક્યુ કરવા માટે પહોંચી ગઈ હતી. દરમિયાન રેસક્યુ કરેલાં સાપને થેલીમાં નાખવા જતા ફાયર બ્રિગેડનાં માર્સલને ડંખી ગયો હતો.

કાપોદ્રા ફાયર સબ ઓફિસર પ્રવિણ ચૌધરીએ જણાવ્યું હતુ કે,આજે બપોરે 12:00 કલાકે કાપોદ્રા સ્થિત ડીજીવીસીએલ કંપનીનાં પરિસરમાં સાપ નિકળ્યાનો કોલ ફાયર કંટ્રોલને મળતા અમારી ટીમ તેને રેસક્યુ કરવા માચે તુરંત જ પહોચી ગઈ હતી.

આ સાપને ટીમ રેસક્યુ કરી રહી હતી દરમિયાન ફાયર સ્ટેશનનાં માર્શલ દર્શન પટેલે આ સાપને સ્ટિક વડે પકડી લીધા બાદ તેને થેલામાં નાંખતી વખતે હાથ ઉપર ડંખ મારી લીધો હતો તેથી તેને તુરંત સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે આ સાપ બિન ઝેરી નસલનો હોવાથી માર્સલને ઔપચારીક સારવાર આપ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. અંદાજે 8થી 10 ફૂટ લાંબા બિન ઝેરી એવા ધામણ નસલનાં સાપને રેસક્યુ કર્યા બાદ તેને દુર જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

**બીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ. નગીનભાઈ ગાંડાભાઈ પટેલ
જન્મ તા. ૨૯/૧૧/૧૯૫૯
સ્વ.તા. ૦૬/૦૧/૨૦૨૪

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.
આપનો પ્રેમ કદી ભુલાશે નહીં,
ખોટ આપની કદી પુરાશે નહીં,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્યઆત્માને શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. લતાબેન નગીનભાઈ પટેલ
હિરેન નગીનભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) — સ્વીટી હિરેનભાઈ પટેલ
કિરીટ નગીનભાઈ પટેલ — જીનલ કિરીટભાઈ પટેલ
વિપુલ અરવિંદભાઈ પટેલ — જાગૃતિ વિપુલભાઈ પટેલ
યાચી, કેની, પવન, સ્વસ્તિ, હન્વિકા
૪૧૧ કુંભારવાડ, પાલગામ, સુરત.

**બેસણું**



સ્વ. કિકુભાઈ જેરામભાઈ પટેલ (તલાટી)
સ્વ. તા. ૦૩/૦૧/૨૦૨૬

આથી દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી કિકુભાઈ જેરામભાઈ પટેલ તા.૦૩/૦૧/૨૦૨૬, શનિવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૦૭/૦૧/૨૦૨૬, બુધવારના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

લિ.
વિનયભાઈ કિકુભાઈ પટેલ
અલ્પેશભાઈ કિકુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

સ્થળ : મુ.પો. દામકા, માંડવી ફળિયું, તા. ચોર્યાસી, જી. સુરત

**રાજપુત અવસાન**



સ્વ. શાન્તાબેન રામસિંહ બારડ
સ્વ. તા. 04/01/2026

દિલગીરી સાથે જણાવવાનું કે હમારા માતૃશ્રી શાંતાબેન રામસિંહ બારડનું દુઃખદ અવસાન તા. 04/01/2026 ને રવિવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું સંયુક્ત બેસણું - તા. 08/01/2026 ને ગુરુવારના રોજ સવારે 10 થી સાંજે 5 કલાકે હમારા કીમ, કૈલાશ હાઉસિંગ સોસાયટી, ઘર નં. 09 નિવાસ્થાને રાખેલ છે.

પીયર પક્ષ કીમામલી
સ્વ. કેસરસિંહ નારસિંહ ઠાકોર
ઈશ્વરસિંહ ગંભીરસિંહ ઠાકોર
નટવરસિંહ ગંભીરસિંહ ઠાકોર
ભુપતસિંહ ગંભીરસિંહ ઠાકોર
ભારતસિંહ ગંભીરસિંહ ઠાકોર
મો. નં.: 9913810101

લિ.
સ્વ. દોલતસિંહ રામસિંહ સોલંકી
પ્રવિણસિંહ રામસિંહ સોલંકી
પ્રદિપસિંહ ભીમસિંહ બારડ
ગજેન્દ્રસિંહ અર્જુનસિંહ બારડ
મહેશકુમાર દોલતસિંહ સોલંકી
ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ સોલંકી
જયદિપસિંહ પ્રદિપસિંહ બારડ
હેત મહેશકુમાર સોલંકી
દત્તકુમાર ધર્મેન્દ્રસિંહ સોલંકી
ડૉ. હેમાંગીનીબેન પ્રવિણસિંહ સોલંકી

નિવાસ સ્થાન : કૈલાશ હાઉસિંગ સોસાયટી,ઘર નં. 09, કીમ

**સાતમી પૂણ્યતિથીએ**

શ્રદ્ધાંજલિ



સ્વ. સીતાબેન જયંતીભાઈ પટેલ
જન્મ તા. ૨૬.૧૦.૧૯૪૯
સ્વ. તા . ૦૬.૦૧.૨૦૧૯

સંતાનો અને માતાનો
સંબંધ અતૂટ છે.
વય સમય કે દેહ વિલય
કશું જ એને તોડી ન શકે
'માં' તુ સદા સદેહ
છત્ર બનીને જીવી હવે
દુર રહી સ્વર્ગમાંથી
તારા સ્નેહભીના આશિષ,
તારી હુંફ, તારે વ્હાલ
સતત સંસારની તડકી છાંયડી
'મા' અમારી સાથે જ રહેશે.

લિ.
ડૉ. જયંતીભાઈ એમ. પટેલ(પતિ) (Gynaecologist)
ડૉ. જીગ્નેશ જે. પટેલ (પુત્ર) ડૉ. અમિતા જે. પટેલ (પુત્રવધુ)
સમર્થ પટેલ (પૌત્ર) અસ્મી પટેલ (પૌત્રી)

SITA હોસ્પિટલ અને નવજીવન હોસ્પિટલ
રીંગરોડ સ્ટાફ પરિવાર ઉધના

**દુઃખદ અવસાન – સંયુક્ત બેસણું**



સ્વ. નવીનભાઈ લખુભાઈ પટેલ
જન્મ તા. ૦૯/૦૬/૧૯૭૧ મરણ તા. ૦૫/૦૧/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિશ્રી નવીનભાઈ લખુભાઈ પટેલ નું તા. ૦૫/૦૧/૨૦૨૬ ને સોમવારના રોજ દેહાવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના. સદ્‌ગતનું સંયુકત બેસણું તા. ૦૭/૦૧/૨૦૨૬ ને બુધવારના સમય ૧૦ થી ૧ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે. બિસ્કિટ, હાર-ફુલ, લાવશો નહી. (લૌકિક રિવાજ બંધ છે)

લિ. ગં.સ્વ. કિન્નરીબેન નવીનભાઈ પટેલ
પ્રિન્સ નવીનભાઈ પટેલ
મનીષભાઈ લખુભાઈ પટેલ — ધનસુખભાઈ પ્રેમાભાઈ પટેલ
નિલેષભાઈ લખુભાઈ પટેલ — અરવિંદભાઈ પ્રેમાભાઈ પટેલ
હરિવદનભાઈ લખુભાઈ પટેલ — સ્વ. વિજયભાઈ પ્રેમાભાઈ પટેલ
નિવૃત્તા હેમિંગ પટેલ — હેમિંગભાઈ બકુલભાઈ પટેલ
પાયલ રિકી પટેલ — રિકી શશીકાંતભાઈ પટેલ
નિષ્ઠા પિયુષભાઈ પટેલ

નિવાસ સ્થાન : સેવાસુવાસ ગ્રાઉન્ડ સામે, પાદર સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત.

**દુઃખદ અવસાન – સંયુક્ત બેસણું**



સ્વ. નવીનભાઈ લખુભાઈ પટેલ
જન્મ તા. ૦૯/૦૬/૧૯૭૧ મરણ તા. ૦૫/૦૧/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા જમાઈશ્રી નવીનભાઈ લખુભાઈ પટેલ નું તા. ૦૫/૦૧/૨૦૨૬ ને સોમવારના રોજ દેહાવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના. સદ્‌ગતનું સંયુકત બેસણું તા. ૦૭/૦૧/૨૦૨૬ ને બુધવારના સમય ૧૦ થી ૧ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે. બિસ્કિટ, હાર-ફુલ, લાવશો નહી. (લૌકિક રિવાજ બંધ છે)

લિ. શ્વસુરપક્ષ
ઠાકોરભાઈ નાનુભાઈ પટેલ — સ્વ અતુલભાઈ ઠાકોરભાઈ પટેલ
ઉષાબેન ઠાકોરભાઈ પટેલ — ચંદ્રમ અતુલભાઈ પટેલ
રતિલાલભાઈ નાનુભાઈ પટેલ — જય રતિલાલભાઈ પટેલ
જસુબેન રતિલાલ પટેલ — કૌશલ રતિલાલભાઈ પટેલ
વિશાંગ રતિલાલભાઈ પટેલ

નિવાસ સ્થાન : સેવાસુવાસ ગ્રાઉન્ડ સામે, પાદર સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત.